

# નાની ભટલાવ



## બારડોલી તાલુકામાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતી દૂધમંડળી



ખેતીની સાથે પશુપાલન ક્ષેત્રે પણ નાની ભટલાવ ગામ આજે સમગ્ર બારડોલી તાલુકામાં અગ્રેસર સાબિત થયું છે. વર્ષ-1983માં સ્થાપિત ‘નાની ભટલાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.’ આજે ગામની આર્થિક જીવાદોરીસમાન બની ગઈ છે. સુરતની વિખ્યાત સુમુલ ડેરી સાથે સંકળાયેલી આ મંડળી અત્યારે તાલુકાભરમાં સૌથી વધુ દૂધ એકત્રિત કરતી મંડળી તરીકે ઉભરી આવી છે. પ્રમુખ ઉત્તમભાઈ ગોવિંદભાઈ ચૌધરી, મંત્રી અલ્પેશભાઈ યોગેશભાઈ ચૌધરી અને ઉપપ્રમુખ અશોકભાઈ જગુભાઈ ચૌધરી સહિતની કર્મઠ ટીમ આ મંડળીનું સંચાલન કરી રહી છે. પશુપાલકોની સુવિધા માટે અહીં અદ્યતન ચીલિંગ સ્ટેશન પણ કાર્યરત છે. વિક્રમી દૂધ ઉત્પાદન થાય છે. સવાર-સાંજ મળી દરરોજ 4 હજાર લિટરથી વધુ દૂધ અહીં એકત્રિત કરવામાં આવે છે. આ મંડળી માત્ર નાની ભટલાવ જ નહીં, પરંતુ આજુબાજુનાં ગામોના પશુપાલકો માટે પણ આશ્રયસ્થાન છે, જેઓ પોતાનું દૂધ અહીં ભરે છે. એકત્રિત થયેલું દૂધ ચિલિંગ સ્ટેશનમાં સંગ્રહિત કર્યા બાદ સુમુલ ડેરીમાં મોકલવામાં આવે છે. આમ, સહકારી ક્ષેત્રે મેળવેલી આ સિદ્ધિએ નાની ભટલાવના ખેડૂતો અને પશુપાલકોના જીવનસ્તરમાં મોટો સુધારો આણ્યો છે.

## 70 વર્ષના ભવ્ય વારસા બાદ પ્રાથમિક શાળાનું નવું ભવન બનશે

### જૂની શાળા બાળકોએ જ બનાવી હતી

નાની ભટલાવ પ્રાથમિક શાળા માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પણ ગામની એકતા અને શ્રમદાનનું પ્રતીક છે. આઝાદીના અમૃતકાળમાં હવે આ 70 વર્ષ જૂની ઐતિહાસિક શાળાના જર્જરિત મકાનને તોડી તેની જગ્યાએ આધુનિક સુવિધાઓ સજ્જ નવું મકાન બનવાની કામગીરીનો પ્રારંભ થઈ રહ્યો છે. ગૌરવશાળી ઈતિહાસ અને વિદ્યાર્થીઓનું શ્રમદાન આ શાળાનો પાયો ગ્રામજનોની શિક્ષણ પ્રત્યેની ધગશ પર નંખાયો હતો. વર્ષ-1952માં ગામના લોકોએ એક કાચા ઘરમાં શિક્ષણની જ્યોત પ્રગટાવી હતી. ત્યારબાદ 1955માં જ્યારે જિલ્લા પંચાયત દ્વારા સત્તાવાર મંજૂરી મળી, ત્યારે એક અદભૂત દશ્ય સર્જાયું હતું. તે સમયે શાળામાં ભણતાં બાળકો દિવસ દરમિયાન અભ્યાસ કરતા અને રાત્રે સ્વયંભૂ શાળાના પાયા ખોદવાના કામમાં મદદરૂપ થતાં હતાં. આમ, આ શાળા બાળકોના પરસેવા અને ગ્રામજનોના સમર્પણથી ઊભી થઈ સાત દાયકા જૂનું મકાન જર્જરિત થતાં હવે તેને નવું સ્વરૂપ આપવામાં આવશે, જે ગામ માટે હર્ષની વાત છે. હાલમાં અહીં ધોરણ-1થી 5નાં બાળકો અભ્યાસ કરી રહ્યાં છે. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને માધ્યમિક અભ્યાસ માટે મઢી કે કડોદ જવું પડે છે, જ્યારે ઉચ્ચ અભ્યાસ માટે બારડોલી, માંડવી કે વ્યારા જેવા શહેરો પર નિર્ભર રહેવું પડે છે. ગામના વડીલો અને યુવા પેઢી માટે આ શાળા માત્ર ઈંટોનું ચણતર નથી, પણ તેમની સંસ્કૃતિ અને વિકાસની સીડી છે.






## ગામના કિરણભાઈ ચૌધરી તાલુકા પંચાયતના સભ્ય

ગામના કિરણભાઈ રવજીભાઈ ચૌધરી અગાઉ બે ટર્મ સુધી ગામના સરપંચ તરીકે સેવા આપી ચૂક્યા છે. હાલમાં તેઓ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા છે અને વઢવાણીયા બેઠક પરથી તાલુકા પંચાયતના સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.



## રિન્યુએબલ એનર્જી માટે પ્રેરણારૂપ કાર્ય

બારડોલીનું નાની ભટલાવ ગામ માત્ર પરંપરાઓ જ નહીં, પરંતુ આધુનિક ટેક્નોલોજી અપનાવવામાં પણ મોખરે છે. યુવા સરપંચ અંકિત ચૌધરીની દીર્ઘદષ્ટિથી આ ગામ હવે ‘ગ્રીન વિલેજ’ અને ‘સોલર વિલેજ’ બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમના દ્વારા રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રે ક્રાંતિકારી પગલાં લેવામાં આવી રહ્યાં છે. સુમુલ ડેરીના સહયોગથી ગામમાં 80 જેટલા ગોબર ગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. પરિણામે પશુપાલકો રાંધણ ગેસ માટે આત્મનિર્ભર બન્યા છે. આ ઉપરાંત ગામના 50 ટકા ખેડૂતો હવે ખેતીમાં સિંચાઈ માટે સોલાર પાવરનો ઉપયોગ કરી રહ્યા છે. સોલાર ઉદવહન યોજનાના સફળ અમલીકરણ દ્વારા ગામમાં બે સોલાર ઉદવહન યોજનાઓ શરૂ કરાઈ છે, જે વિચ્છણ નદીમાંથી સીધું પાણી ખેતરો સુધી પહોંચાડે છે. આ પાણીની મોટર સોલારથી વીજળી મેળવે છે.  સરપંચનું હવે પછીનું લક્ષ્ય સમગ્ર ગામને સોલાર પેનલ્સથી સજ્જ કરી વીજળી ક્ષેત્રે સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવાનું છે. પર્યાવરણની જાળવણી અને આર્થિક બચતનું આ ઉત્તમ મોડેલ અન્ય ગામો માટે પ્રેરણારૂપ છે.



## દર મંગળવારે હાટ બજાર ભરાય છે

નાની ભટલાવ ગામની આર્થિક સ્વાયત્તતામાં તેના પરંપરાગત ‘હાટ બજાર’નો મોટો ફાળો છે. ગામમાં દર અઠવાડિયે મંગળવારે ભરાતું આ બજાર સ્થાનિક અર્થતંત્રને ગતિશીલ રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ બજારને કારણે ગ્રામજનોને જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે શહેર સુધી લાંબા થવું પડતું નથી. ગામના ખેડૂતો પોતાના ખેતરમાં ઉગાડેલાં તાજાં શાકભાજી આ બજારમાં સીધાં વેચી શકે છે, જેનાથી તેમને સ્થાનિક બજાર મળી રહે છે. હાટ બજારના માધ્યમથી જે પણ આવક પ્રાપ્ત થાય છે, તેનો ઉપયોગ ગામના વિકાસલક્ષી કાર્યોમાં કરવામાં આવે છે. આમ, નાની ભટલાવનું હાટ બજાર માત્ર ખરીદ-વેચાણનું કેન્દ્ર નથી, પરંતુ ગામના આર્થિક ઉત્થાનનું એક સબળ માધ્યમ છે.



## આધુનિક પુસ્તકાલયથી ચાર વર્ષમાં 78 યુવક-યુવતીઓને સરકારી નોકરી મળી

આ નાનકડું ગામ આજે દક્ષિણ ગુજરાતમાં શિક્ષણ અને કારકિર્દી નિર્માણનું હબ બની ગયું છે. ગામના યુવા સરપંચ અંકિત ચૌધરીએ સ્થાનિક યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વ્યારા કે બારડોલી સુધી લાંબા ન થવું પડે તે માટે એક ભગીરથ કાર્ય ઉપાડ્યું હતું. શૂન્યમાંથી સર્જન અને સફળતાની ગાથા આ સફરની શરૂઆત 15 ઓગસ્ટ-2021ના રોજ થઈ હતી. સરપંચે પોતે 30,000ની લોન લઈને શાળાના હોલમાં નાનકડા પુસ્તકાલયનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાહસનાં પરિણામો અત્યંત પ્રોત્સાહક રહ્યાં છે. સરપંચ અંકિત પટેલ ગૌરવભેર જણાવે છે કે, છેલ્લાં ચાર વર્ષમાં 78થી વધુ વિદ્યાર્થીએ અહીંથી તૈયારી કરી પોલીસ, શિક્ષક અને ફોરેસ્ટર જેવા વિવિધ સરકારી વિભાગોમાં નોકરી મેળવી છે. શરૂઆતના વર્ષે જ આ લાઈબ્રેરીમાંથી 8 કોન્સ્ટેબલ અને 4 ASI બની ગામનું નામ રોશન કર્યું હતું. વર્ષ-2023માં ‘વતન પ્રેમ યોજના’ અને મુકુલ ટ્રસ્ટના સહયોગથી 17.50 લાખના ખર્ચે નવું અને સુવિધા સંપન્ન પુસ્તકાલય ભવન તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકાલય 24 કલાક કાર્યરત રહે છે, જેમાં ભાઈઓ અને બહેનો માટે અલગ બેઠક વ્યવસ્થા અને જરૂરી તમામ સ્ટડી મટિરિયલ ઉપલબ્ધ કરાવાય છે. દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે હાલ 12 જણ રહી શકે તેવી હોસ્ટેલ સુવિધા છે, જેને ભવિષ્યમાં 50 વિદ્યાર્થી માટે વિસ્તારવાનું આયોજન છે.



## શારીરિક કસોટી માટેની તૈયારી પણ ગામમાં જ

ગામના યુવા સરપંચ અંકિત ચૌધરીએ ગામના યુવક-યુવતીઓની કારકિર્દી ઘડવા માટે વધુ એક સરાહનીય કદમ ઉઠાવ્યું છે. માત્ર પુસ્તકાલય જ નહીં, પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શારીરિક કસોટી પાસ કરવી પણ એટલી જ અનિવાર્ય હોવાથી, ગામમાં ખાસ પ્રેક્ટિસ મેદાન તૈયાર કરવામાં આવ્યું છે. આશરે 1.25 લાખના ખર્ચે તૈયાર કરાયેલા આ મેદાનમાં રનિંગ ટ્રેક, લાંબી કૂદ, ઊંચી કૂદ, રસાખેંચ અને પુલ-અપ્સ માટેની આધુનિક વ્યવસ્થા કરવામાં આવી છે. કોચના માર્ગદર્શન હેઠળ દરરોજ સવારે મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ પોલીસ અને ફોરેસ્ટ વિભાગની શારીરિક કસોટી માટે અહીં સખત મહેનત કરે છે. આ પૂર્વે પણ ગામના અનેક ઉમેદવારોએ શારીરિક કસોટી પાસ કરી સરકારી નોકરી મેળવી છે, જેનાથી પ્રેરાઈને આ સુવિધા ઊભી કરવામાં આવી છે.

## વિલુપ્ત થતા ઐતિહાસિક કૂવાઓને મળ્યું નવજીવન



નાની ભટલાવ ગામમાં જળ વ્યવસ્થાપન અને સાંસ્કૃતિક વારસાના જતનનો એક અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. ભૂતકાળમાં ગ્રામીણ જીવનની જીવાદોરી ગણાતા કૂવાઓ ‘નળ સે જળ’ જેવી આધુનિક યોજનાઓના આગમન અને દરેક ફળિયામાં ટાંકીઓ બની જતાં હવે વિલુપ્ત થઈ રહ્યા હતા. આજે આર.ઓ.ના જમાનામાં કૂવાઓ બિનઉપયોગી બની ગયા છે. જો કે, આ કૂવાઓને ભારતીય સંસ્કૃતિનો એક અતૂટ ભાગ ગણી, સરપંચ દ્વારા તેમના સંરક્ષણ અને પુનઃઉદ્ધારનું પ્રશંસનીય બીડું ઝડપાયું છે. આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આગામી પેઢી પણ કૂવા જેવી પ્રાચીન જળ સંરક્ષણ પદ્ધતિઓથી માહિતગાર રહે અને પોતાના ભવ્ય વારસાને જાણે. આ માટે ગામમાં આવેલા તમામ સાત જૂના કૂવાઓનું વ્યવસ્થિત રીતે રિનોવેશન કરાવવામાં આવ્યું છે. આ કૂવાઓને માત્ર સાફ જ નથી કરાયા, પરંતુ તેના પર સુંદર રંગરોગાન અને કલાત્મક સુશોભન પણ કરવામાં આવ્યું છે.  આજે આ સુશોભિત કૂવાઓ ગામની શોભા વધારવાની સાથે સાથે યુવા પેઢી માટે જીવંત ઈતિહાસના સાક્ષી બન્યા છે.







(માહિતી સંકલન અને તસવીરઃ તૃષાર નાયક, બારડોલી)